# રેલવે સર્વિસ ઓફ સિગ્નલ એન્જિનિયર્સ

ભારતીય રેલવેની સિગ્નલ એન્જિનિયર્સની સેવા, રેલ સિસ્ટમના સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આયોજન, ડિઝાઈન, અમલીકરણ અને જાળવણી માટે જવાબદાર છે. આ સેવાઓ ભારતીય રેલ્વેની લાઈન ક્ષમતામાં વધારો કરવા ઉપરાંત ટ્રેનોને સુરક્ષિત, કાર્યક્ષમ અને સમયસર ચલાવવાની ખાતરી આપે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમે ગણિતમાં સારી પક્કડ ધરાવો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૮,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એન્જિનિયરીંગ, કોમર્સ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ સમાન **અથવા** સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા આયોજિત ભારતીય રેલવે વ્યવસ્થાપન સેવા પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વર્ગ-એ કેન્દ્રીય નાગરિક સેવા અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://upsconline.nic.in/daf/daf2_csm_2022/eGazette_CSM_Engl.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે, સરકારી એજન્સીઓ અને મંત્રાલયના વિભાગો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમનું સંચાલન કરવાનું બની શકે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર → સિનિયર સિગ્નલ અને ટેલિકમ્યુનિકેશન એન્જિનિયર → ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકમ્યુનિકેશન એન્જિનિયર → ચીફ પ્લાનિંગ એન્જિનિયર (સિગ્નલ અને ટેલિકમ્યુનિકેશન) → ચીફ સિગ્નલ એન્જિનિયર → ચીફ કમ્યુનિકેશન એન્જિનિયર → ચીફ સિગ્નલ અને ટેલિકમ્યુનિકેશન એન્જિનિયર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. આઈ.આઈ.ટી., મુંબઈ
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૪. ગવર્મેન્ટ ઈજનેરી કૉલેજ, ગાંધીનગર
૫. એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, અમદાવાદ
૬. વીરમાતા જીજાબાઈ ટેકનોલોજીકલ ઇન્સ્ટિટ્યુટ, મુંબઈ
૭. ડીડીયુ, નડિયાદ
૮. એલઈસી, મોરબી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. એમ.આઈ.ટી., મણિપાલ
૨. વેલ્લોર ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી
૩. પીડીઈયુ, ગાંધીનગર
૪. દયાનંદ સાગર કોલેજ ઓફ એન્જિનિયરીંગ, બેંગ્લોર
૫. આર.વી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, બેંગલોર
૬. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૭. રમૈયા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, બેંગ્લોર
૮. બી.એમ.એસ. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, બેંગ્લોર
૯. એસવીએનઆઈટી, સુરત
૧૦. પારૂલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

યુ.પી.એસ.સી., સિવિલ સર્વિસ, ઈન્ડિયન રેલવે મેનેજમેન્ટ સર્વિસ એકઝામ

## સાફલ્ય ગાથા

**એન. કાશીનાથ** રેલ્વે બોર્ડના સભ્ય (સિગ્નલ અને ટેલિકોમ) છે. તેઓ ઈન્ડિયન રેલવે સર્વિસ ઑફ સિગ્નલ એન્જિનિયર્સ (આઈ.આર.એસ.એસ.ઈ.)ની ૧૯૮૦ બેચના અધિકારી છે. આ કાર્યભાર સંભાળતા પહેલા, તેમણે ડિ.જી. (સિગ્નલ અને ટેલિકોમ), રેલવે બોર્ડ તરીકે કાર્ય કર્યું હતું. શ્રી કાશીનાથે સરકારી એન્જિનિયરીંગ કોલેજ, જબલપુરમાંથી ઈલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં સ્નાતકની પદવી હાંસલ કરેલ છે.*

સ્ત્રોત:https://pib.gov.in/newsite/PrintRelease.aspx?relid=189798

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ